# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com, web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૫/ 10782

તા.૦૪/૦૯/૨૦૨૫

પ્રતિ

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ અને

સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ તમામ

સુરત શહેર.

વિષય : વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત યોજાનાર સેમિનારમાં હાજરી આપવા બાબત.

સંદર્ભ : Parenting for Peace નો તારીખ : 14/08/2025 ના પત્ર

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આજના સ્પર્ધાત્મક અને ઝડપી આધુનિકરણને કારણે બાળકો અને વિદ્યાર્થીઓ તથા સમાજમાં વધતી આત્મહત્યા જેવી ગંભીર સમસ્યા બાબતે સરકાર અને સમાજ બહુચિંતિત છે.આ સમસ્યાને નિવારવા તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ" નિમિત્તે આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ લાવવા માટે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.આ સેમિનારમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા વિદ્યાર્થીઓ તથા સમાજમાં વધતી આત્મહત્યા જેવી ગંભીર સમસ્યા નિવારણ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે તથા નાટક દ્વારા ખુબ જ સરસ માર્ગદર્શન આપવામાં આવશે.શિક્ષકો તરીકે આપણી મહત્વની ભૂમિકા હોવાથી આ સેમિનારમાં આપની હાજરી અનિવાર્ય છે.તેથી સુરત શહેરમાં સમાવિષ્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ તમામમાંથી એક શિક્ષક ને ફરજિયાત વહેલા તે પહેલાના ધોરણે નીચે આપેલ QR CODE સ્કેન કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

દરેક વિદ્યાસંકુલમાં લોકો સહેલાઈથી જોઈ શકે તેવી રીતે આત્મહત્યા નિવારણ હેલ્પલાઇન નંબરના બેનરો લગાવવા.જેની નકલ બિડાણમાં સામેલ છે.

સેમિનારની વિગતો નીચે મુજબ છે :-

**તારીખ** : ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫

**સમય** : સવારે ૮:૩૦ કલાકે

**સ્થળ** : સંજીવકુમાર ઓડિટોરિયમ, હજીરા રોડ,રાજહંસ થિયેટરની પાછળ,અડાજણ,પાલ ગામ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિલ્લો-સુરત

(રજીસ્ટ્રેશન માટે QR CODE)

બિડાણ : ૧) Parenting for Peace નો પત્ર

૨)બેનરની નકલ

"Nurturing Loving and Joyful Childhood for a Peaceful Society".

# Parenting For Peace

૧૪/૦૮/૨૦૨૪

પ્રતિ
શ્રી રાજેન્દ્રકુમાર કાપડિયા
ચેરમેન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

વિષય: "વિશ્વ આપઘાત નિવારણ દિવસ" નિમિત્તે જાગૃતિ કાર્યક્રમો

માનનીય સાહેબશ્રી,

આપ સાહેબ, સરકાર અને સમાજ સહુ બાળકો અને યુવાનોમાં વધી રહેલા આત્મહત્યાના કિસ્સાઓથી ચિંતિત છીએ અને તે અંગે નિવારણ અર્થે કોશિશો પણ કરીએ છીએ. આવા વધુ એક પગલાં રૂપે તારીખ ૧૦/૯/૨૦૨૪ના રોજ વિશ્વ આપઘાત નિવારણ દિવસે જાગૃતિ કાર્યક્રમ તરીકે સક્રિય નેતૃત્વ લઇ સમાજ અને શિક્ષણ જગતમાં પડઘો પાડવા વિનંતી છે. તેમાં પેરેન્ટિંગ ફોર પીસ, સુરત-શહેર પોલીસ, જીલ્લા શિક્ષણ કચેરી, પેડીયાટ્રીક એકેડમી અને અન્ય સ્વયંસેવી સંસ્થાઓ વિગેરે સંયુક્ત રીતે ભાગ લેનાર છે.

તે ઉપરાંત આપ સાહેબ પાસેથી આશા છે કે દરેક વિદ્યાસંકુલો, વિશેષમાં મોટાભાગના લોકોને સહેલાઇથી નજરે પડે તેવી રીતે આત્મહત્યા નિવારણ હેલ્પલાઇન નંબરના બેનરો મુકાય. તેની ડીઝાઇન અમો તમને મોકલીશું. તે બેનરોના ફોટાઓનું એક પ્રદર્શન પણ તારીખ ૧૦/૯/૨૦૨૪ના રોજ એક કોલાજ રૂપે મુકાય તો જાગૃતિમાં ખુબ મદદરૂપ થશે. આ સિવાય આપના નેજા હેઠળ જાગૃતિના અન્ય કાર્યક્રમો પણ લેવાય તેવી વિનંતી છે.

તારીખ ૩૦ અને ૩૧ ઓગસ્ટે એમ ૨ પુરા દિવસની "આત્મહત્યા નિવારણ - પ્રાથમિક મદદકર્તા" તાલીમનું આયોજન થઇ રહ્યું છે. વિશ્વમાં અનેક જગ્યાએ આવી Suicide Prevention Lay Counsellor Training થતી હોય છે જે અમો સુરતમાં કરનાર છીએ. તેમાં ભાગ લેનાર આવા કિસ્સાઓમાં પ્રાથમિક કામ કરવા અને પોલીસ સાથે સંકલન કરવા સજ્જ થશે. જો આપને ત્યાંથી કોઇને તેમાં રસ હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી છે.

૧૦/૯/૨૦૨૪ના રોજ વિશ્વ આપઘાત નિવારણ દિવસે મોટી સંખ્યામાં શિક્ષણ જગત અને સ્વયંસેવી સંસ્થાઓ વિગેરે ભેગા થઇને જાગૃતિ તાલીમ લેનાર હોય, જે સમાજમાં મોટાપાયે અસર કરનાર છે. તે કાર્યક્રમ આપશ્રીને સંજીવકુમાર ઓડીટોરીયમમાં કરવા અથવા સંપૂર્ણ વિના મુલ્યે ફાળવવા નમ્ર વિનંતી છે.

આભાર સહ

(સહી)

ડૉ. કેતન ભરડવા


Coordinator: [illegible] | Co-coordinator: [illegible]
Masoom Children's Hospital, 1st Floor, Mayuri Apt, Near Adajan Water Tank, Adajan, SURAT-395009

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# જીંદગી હારને કા નામ નહીં,
# સીખને કા સફર હૈ.



Designed By Magic Slate PVT LTD

**ટોલ ફ્રી નંબર**

**112**

**8128369100**

**8128308100**

SUPPORTED BY

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

# સુરત શહેર પોલીસ

**તમારી સાથે - તમારા માટે...**

# Low Battery Mode?

## એટલે કે - થોડી વાર આરામ લઈ લો,
## બંધ થવા ની જરૂર નથી!
## ચાર્જિંગ માટે કૉલ કરો.



Designed By Magic Slate PVT LTD

**8128369100**
**8128308100**

ટોલ ફ્રી નંબર **112**

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

SURAT CITY POLICE

PARENTING PEACE

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

# GAME OVER

## નહિ બોસ,
## Restart આવે છે!

**TRY AGAIN**



Designed By Magic Slate PVT LTD

**8128369100**
**8128308100**

મદદ માટે સંપર્ક કરો

**112**
ટોલ ફ્રી

SUPPORTED BY
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત


SURAT CITY POLICE

PARENTING FOR PEACE

# સુરત શહેર પોલીસ

## તમારી સાથે - તમારા માટે...

# રોજ પોતાની જાતને નાની થી નાની વસ્તુ માં THANK YOU કરો



મદદ માટે સંપર્ક કરો

ટોલ ફ્રી **112**

**8128369100**

**8128308100**

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

Designed By Magic Slate PVT LTD

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# કોઈપણ પરીક્ષા અંત નથી,
# મહેનત-વિશ્વાસથી સફળતા મળે છે.

જીવન છે અમૂલ્ય,

કોલ કરો વિનામૂલ્યે...



**ટોલ ફ્રી નંબર**

**112**

**8128369100**

**8128308100**

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

Designed By Magic Slate PVT LTD

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

SURAT CITY POLICE

PARENTING FOR PEACE

# જીંદગીથી ભાગો નહીં, તેને ગળે લગાવો.



Designed By Magic Slate PVT LTD

ટોલ ફ્રી નંબર 112

8128369100

8128308100

SUPPORTED BY

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

# સુરત શહેર પોલીસ

**તમારી સાથે - તમારા માટે...**

SURAT CITY POLICE

PARENTING FOR PEACE

## Game માં Help Button દબાવીએ છીએ,

# જીંદગીમાં કેમ નહીં?




8128369100
8128308100

મદદ માટે સંપર્ક કરો

**112**
ટોલ ફ્રી

SUPPORTED BY
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

Designed By Magic Slate PVT LTD

## સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# IF YOU FEEL NO ONE CARES...

# REMEBER



# WE CARE

મદદ માટે સંપર્ક કરો

ટોલ ફ્રી **112**

**8128369100**

**8128308100**

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

Designed By Magic Slate PVT LTD